eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 133
March 7, 2008

## આકારણી અને વસુલાત વિભાગની બાકી મિલ્કતદારોની મિલ્કતોને સીલ મારવાની નોર્થઝોન (કતારગામ)ની કામગીરી



નાણાંકીય વર્ષ ૨૦૦૭–૨૦૦૮ ના સીધાવેરાના લક્ષ્યાંકો પુરા કરવા માટે કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ મિલ્કતોના બાકી કરદાતાઓની મિલ્કતો સીલ કરવામાં આવે છે. પરંતુ ખુલ્લા પ્લોટને સીલ મારી ન શકાતા હોવાથી ખુલ્લા પ્લોટોનો કબ્જો લઈ ટાંચ જપ્તી હેઠળ લેવા બાબતે નોર્થઝોન(કતારગામ) ધ્વારા તેવા બાકીદારોના પ્લોટ અંગે "આ ઈમારત/જગા સુરત મહાનગરપાલિકાએ સીધાવેરાના નાણાં બાકી હોવાથી જપ્તી હેઠળ લીધેલી છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર),સુરત મહાનગરપાલિકાની વસુલાત અંગેની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર), માં આવેલ જુદી– જુદી શહેરી ગરીબ આવાસ યોજનાઓ પૈકીની આવાસ યોજનાઓના લાભાર્થીઓ સામે બાકી વસુલાત ઝુંબેશ અંગે રાંદર ઝોન વિસ્તારમાં જુદી–જુદી જગ્યાએ આવાસ સ્કીમોમાં ફલેટો સીલ કરવાની કડક ઝુંબેશ હાથ ધરવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## લિંબાયત ઝોનની કામગીરી

મોજે ગોડાદરા, બ્લોક નં.૧૮, તથા ૧૯–૪૨ માં મિલ્કતદારો ધ્વારા મંજુર કરેલ પ્લાન વિરૂધ્ધ ઓપન સ્પેશ તથા માર્જીનવાળા ભાગમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ અંગે અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા સ્થળ તપાસ કરી ધી.બી.પી.એમ.સી.એકટ મુજબની નોટીસ આપવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે સ્કાડા સીસ્ટમ

ડ્રેનેજ ખાતા હાલમાં કુલ–૨૯ પંપીગ સ્ટેશન તથા ૬ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. જે પૈકી ૨૩ મુખ્ય સુએઝ પંપીંગ મથકો અને ૦૬ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટો ખાતે Automation અને કંટ્રોલ સીસ્ટમ એટલે કે SCADA (Supervisory Control And Data Acquisition System ) ઈમ્પ્લીમેન્ટ કરવાનું અત્રેથી આયોજન કરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## મેયર્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ

સુરત ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનના લીલાછમ લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે ત્રણ દિવસથી ચાલી રહેલી મેયર્સ ક્રિકેટ ટુનામેન્ટમાં ગતવર્ષની વિજેતા ટીમ કમિશનર ટીમે શ્રીપ્રદિપ ઝાલાના નેતૃત્વ હેઠળ ચેમ્પીયનશીપ જાળવી રાખી હતી તથા પત્રકાર સંઘની ટીમે રનર્સઅપ ટીમનું સ્થાન જાળવી રાખ્યું હતું.

વધુ માટે કલીક કરો >>>>>>



## સ્ટોર દ્વારા ખરીદી તથા ઈજારદારોને ઈસ્યુ કરવાની કાર્યપધ્ધતિ અંગે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના

સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈજારદારને ઈસ્યુ કરવામાં આવેલ સ્ટીલના જથ્થા પૈકી અમુક જથ્થો અનઅધિકૃતરીતે મળી આવતા મહાનગરપાલિકા ધ્વારા સંબંધિત કાર્ટીંગ એજન્ટ સામે પોલીસ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. આ સંદર્ભે સુરત મહાનગરપાલિકાના સ્ટોર્સમાં સ્ટીલના જથ્થાની ચકાસણી કરતા ૫ ટન અંદાજીત રૂા.૨,૦૦,૦૦૦/– ની કિંમતના સ્ટીલના જથ્થાની ઘટ જણાયેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોન મ્યુ.ટેક્ષ રીકવરી ઝુંબેશ

સેન્ટ્રલ ઝોનના એસેસમેન્ટ અને રીકવરી વિભાગએ મ્યુ.ટેક્ષ રીકવરીની ઝુંબેશના ભાગરૂપે સખ્તાઈનાં પગલા ભરવાની કાર્યવાહી ચાલુ જ રાખેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## રાંદેર ઝોનની કામગીરી




સુરત મહાનગપાલિકાના પશ્રિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૯(રાંદેર)માં પાલનપુર જુના જકાતનાકા પાસે હિદાયતનગર સોસાયટીની પાછળ શાળાના હેતુ માટેનો અનામત પ્લોટ નં.આર/૬ છે. જે અનામત પ્લોટનું ક્ષેત્રફળ ૨૩૫૦ ચો.મી. છે. આ અનામત પ્લોટમાં ભરવાડોના ઢોરોના તબેલાઓનું તથ રહેઠાણની ખોલીઓનું દબાણ હતું. એક માસ અગાઉ પશ્રિમ ઝોન કચેરી ધ્વારા આ દબાણો દુર કરવાનું શરૂ કરવામાં આવતા સ્થાનિક ભરવાડો ધ્વારા જેનો વિરોધ નોંધાવેલ અને આ સ્થળ ઉપરથી તબેલાઓ તથા ખોલીઓ ખસેડવા માટે દિન–૧૫ નો સમય માંગેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

# આકારણી અને વસુલાત વિભાગની બાકી મિલ્કતદારોની મિલ્કતોને સીલ મારવાની નોર્થઝોન (કતારગામ)ની કામગીરી

નાણાંકીય વર્ષ ૨૦૦૭–૨૦૦૮ ના સીધાવેરાના લક્ષ્યાંકો પુરા કરવા માટે કતારગામ ઝોન વિસ્તારમાં આવેલ મિલ્કતોના બાકી કરદાતાઓની મિલ્કતો સીલ કરવામાં આવે છે. પરંતુ ખુલ્લા પ્લોટને સીલ મારી ન શકાતા હોવાથી ખુલ્લા પ્લોટોનો કબ્જો લઈ ટાંચ જપ્તી હેઠળ લેવા બાબતે નોર્થઝોન(કતારગામ) ધ્વારા તેવા બાકીદારોના પ્લોટ અંગે "આ ઈમારત/જગા સુરત મહાનગરપાલિકાએ સીધાવેરાના નાણાં બાકી હોવાથી જપ્તી હેઠળ લીધેલી છે. જેથી તેમાં અનઅધિકૃત પ્રવેશ કરવો/કરાવવો નહી. જે કોઈ વ્યકિત ગેરકાયદેસર પ્રવેશ કરશે / કરાવશે તો તે અંગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેની નોંધ લેવી." જે મુજબના બોર્ડ લગાવી ખુલ્લા પ્લોટોના વેરા ભરપાઈ કરાવવાની કાર્યવાહી ચાલુ કરેલ છે. તેમજ ખુલ્લા પ્લોટના વેરાની મોટી રકમ બાકી છે. જે અંગે આકારણી અને વસુલાત વિભાગ ધ્વારા નિયમોનુસારના સખ્ત પગલાં લેવાની કાર્યવાહી ચાલુ કરેલ છે. ખુલ્લા પ્લોટના વેરા ભરપાઈ નહીં થતાં હોય તેવા કતારગામ વિસ્તારમાં આવેલ મુકતાનંદ નગર હાઉસીંગ સોસાયટી, અક્ષરધામ હાઉસીંગ સોસાયટી, વેડ ગામમાં આવેલ નારાયણ મુની હાઉસીંગ સોસાયટી,ગુરૂકૃપા હાઉસીંગ સોસાયટી તથા સીંગણપોર ગામમાં આવેલ હરિદર્શન હાઉસીંગ સોસાયટી,નંદનવન હાઉસીંગ સોસાયટી,વેડરોડ ગુરૂકુલ પાસે વેડરોડ ગુરૂનગર તથા સીંગણપોર રોડ માર્કેટની બાજુમાં આવેલ ખુલ્લા પ્લોટ ઉપર ઈમારત /જગા જપ્તી હેઠળ લેવા બાબતે નોટીસ બોર્ડ લગાવવામાં આવેલ છે. તથા અન્ય બીજી હાઉસીંગ સોસાયટીના બાકી ખુલ્લા પ્લોટોના વેરા વસુલાત માટેના દંડકીય કાર્યવાહી ચાલુ રાખવામાં આવેલ છે.




TOP

# પશ્ચિમ ઝોન(રાંદેર),સુરત મહાનગરપાલિકાની વસુલાત અંગેની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમઝોન(રાંદેર), માં આવેલ જુદી– જુદી શહેરી ગરીબ આવાસ યોજનાઓ પૈકીની આવાસ યોજનાઓના લાભાર્થીઓ સામે બાકી વસુલાત ઝુંબેશ અંગે રાંદર ઝોન વિસ્તારમાં જુદી–જુદી જગ્યાએ આવાસ સ્કીમોમાં ફલેટો સીલ કરવાની કડક ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જે અન્વયે તા.૨૧–૦૨–૨૦૦૮ ના રોજ ટી.પી. ૧૩ ફા.પ્લોટ નં.૪૯ માં હનીપાર્ક રોડ ઉપર આવેલ આવાસ યોજનાના કુલ ૩૨ ફલેટો " સીલ " મારેલ છે. આ ઝુંબેશ આગળ ધપાવતા આજરોજ રે.સ.નં.૩૭, શ્રીજીનગરીની સામે જહાંગીરાબાદ ખાતે આવાસ યોજનાના કુલ ૨૪ ફલેટોને આજરોજ તા.૨૮–૦૨–૨૦૦૮ ના રોજ સીલ મારવામાં આવેલ છે. જે પૈકી આ આવાસ યોજનાના ૪ ફલેટ ધારકો ધ્વારા સ્થળ ઉપર જ હપ્તાની બાકી પડતી રકમ ભરપાઈ કરતા, સીલ ખોલી આપવામાં આવેલ છે.

ઉપરોકત શિક્ષાત્મક કાર્યવાહી કરાતાં, ઈ.ડબલ્યુ.એસ. આવાસોમાં બાકી હપ્તાની વસુલાત માટે ઝોન કચેરીએ લાભાર્થીઓ ધ્વારા હપ્તાની બાકી રકમ ભરવા તાત્કાલિક ધસારો કરેલ છે. આ રીતે અન્ય ઈ.ડબલ્યુ.એસ.આવાસોમાં જયાં પણ લાભાર્થીઓ ધ્વારા આજદિન સુધીની પુરતી હપ્તાની રકમ ભરેલ નથી તેવા લાભાર્થીઓ સામે પણ ફલેટો સીલ મારવા સહિતની કડક શિક્ષાત્મક કાર્યવાહી ચાલુ રખાશે.

વધુમાં આજરોજ પશ્રિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ રામનગર વિસ્તારમાં જાહેર માર્ગ ઉપર દુકાનદારો ધ્વારા દુકાનના માલસામાન તથા સ્ટેન્ડો જાહેર માર્ગ ઉપર મુકી દબાણ કરેલ તથા આ વિસ્તારમાં ચા તથા ભજીયા અને ખાધ પદાર્થની લારીઓનું દબાણ હતું. તે તમામ દબાણો ૧૨–નંગ લારી સહિત જપ્ત કરવામાં આવેલ છે.

તેવી જ રીતે આજરોજ પશ્રિમ ઝોન (રાંદેર) ધ્વારા બપોરે ૩–૩૦ કલાકે કાર્યપાલક ઈજનેરશ્રી અને નાયબ ઈજનેરશ્રીના અડાજણ વિસ્તારમાં સ્થળ રાઉન્ડ દરમ્યાન ગુજરાત ગેસ સર્કલ ઉપર–" ઓરીએન્ટ કોલ ટેક " સુરત નામની સંસ્થા ધ્વારા જાહેર મિલ્કત ઉપર જાહેરાતના પોસ્ટરો લગાડવાનું શરૂ કરતાં, સ્થળ ઉપર જ રંગે હાથ પકડી પાડેલ છે. આથી અડાજણ વિસ્તારમાં ડીવાઈડર/ચેનલાઈઝર અને આઈલેન્ડની જાહેર મિલ્કતો બગાડવા બદલ રાંદેર ઝોન ધ્વારા " ધી પ્રિવેન્શન ઓફ ડેમેજીસ ટુ પબ્લીક પ્રોપર્ટીસ " એકટની પોલીસ કલમ જોગવાઈ હેઠળ મજુરા ગેટ સુરત વિસ્તારમાં આવેલા આ કોલ સેન્ટરના માલીક શ્રી ભરતભાઈ વિરુઘ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી શરૂ કરેલ છે.

TOP

## લિંબાયત ઝોનની કામગીરી

મોજે ગોડાદરા, બ્લોક નં.૧૮, તથા ૧૯–૪૨ માં મિલ્કતદારો ધ્વારા મંજુર કરેલ પ્લાન વિરૂધ્ધ ઓપન સ્પેશ તથા માર્જીનવાળા ભાગમાં કરેલ ગેરકાયદેસર બાંધકામ અંગે અત્રેના શહેર વિકાસ ખાતા ધ્વારા સ્થળ તપાસ કરી ધી.બી.પી.એમ.સી.એકટ મુજબની નોટીસ આપવામાં આવેલ. તેમ છતાં મિલ્કતદારોએ નોટીસની અવગણના કરી સદરહુ બ્લોકમાં ગેરકાયદેસર બાંધકામ શરૂ રાખતાં આજરોજ તા.૨૮/૦૨/૨૦૦૮ નાં રોજ અત્રેના દબાણખાતાની મદદથી કાયદેસરની કાર્યવાહી કરી ડિમોલીશનની કામગીરી કરી આશરે ૧૭૫.૦ ચો.મી. ક્ષેત્રફળનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. કામગીરી દરમ્યાન લાગુ આજુ–બાજુ પ્લોટોના બાંધકામને સ્ટ્રકચર સ્ટેબીલીટી દ્રષ્ટીએ નુકશાન ન થાય તે હેતુથી મિલ્કતદારોએ બાકીનું ગેરકાયદેસર બાંધકામ દિન–૧૫ માં દૂર કરવાની બાંહેધરી આપેલ તથા મિલ્કતદારો પાસેથી રૂા. ૨૫,૫૦૦/– ડીમોલીશન ડીપોઝીટ તથા રૂા. ૧૨૦૦૦/– ડિમોલીશન ચાર્જ તરીકે વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા ધ્વારા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે સ્કાડા સીસ્ટમ

ડ્રેનેજ ખાતા હાલમાં કુલ–૨૯ પંપીગ સ્ટેશન તથા ૬ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. જે પૈકી ૨૩ મુખ્ય સુએઝ પંપીંગ મથકો અને ૦૬ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટો ખાતે Automation અને કંટ્રોલ સીસ્ટમ એટલે કે SCADA (Supervisory Control And Data Acquisition System ) ઈમ્પ્લીમેન્ટ કરવાનું અત્રેથી આયોજન કરવામાં આવેલ છે.

- સુરત શહેરના છ સુએઝ ઝોન માટે દરેક સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પર એક કંટ્રોલરૂમ ઉભો કરવામાં આવશે. અને જે તે પમ્પીંગ સ્ટેશનનું કંટ્રોલીંગ તેમજ મોનીટરીંગ કંટ્રોલરૂમ ધ્વારા થશે. તેમજ મુગલીસરા મેઈન ઓફિસ ખાતે એક માસ્તર કંટ્રોલરૂમ ઉભો કરવામાં આવશે જયાથી તમામ પમ્પીંગ સટેશન અને પ્લાન્ટોનું કંટ્રોલીંગ તેમજ મોનીટરીંગ કંટ્રોલરૂમ થશે.
- ડ્રેનેજ પમ્પીંગ મથક ખાતે અલ્ટ્રાસોનીક લેવલ ટ્રાન્સમીટર ધ્વારા પમ્પીંગના કુવાનું લેવલ સેન્સ થઈ ઓટોમેટીક પંપ સેટ ચાલુ થશે. તેમજ પમ્પીંગ ખાતે ફીટ કરવામાં આવેલ વેરીયેબલ ફ્રીકવન્સી ડ્રાઈવ પમ્પીંગમાં આવતા ફ્લો પ્રમાણે પમ્પની સ્પીડમાં ફેરફાર કરી વેટવેલનું લેવલ મેઈનટેન કરશે. તેમજ વેટવેલમાં લેવલ વધ્યેથી બીજો પમ્પ પણ ઓટોમેટીક ચાલુ થશે. તેમજ પમ્પસેટના ઓપરેશન એક સરખા કલાક માટે થશે.
- પમ્પીંગ તેમજ પ્લાન્ટ ખાતે ઓનલાઈન ડેટા મોનીટરી તેમજ કંટ્રોલીંગ થશે.
- પમ્પીંગ તેમજ પ્લાન્ટ ખાતે ફીટ થનાર પાવર એનાલાઈઝર ધ્વારા એનર્જી ઓડીટ તેમજ એનર્જી ઈમ્પ્રુવમેન્ટમાં સરળતા થશે.
- સુએઝ ઝોન દીઠ મોબાઈલ મેઈન્ટેનન્સ ટીમ રાખી જરૂરી કામગીરી કરવામાં આવશે. પરિણામે પમ્પીંગ તેમજ પ્લાન્ટ ખાતેના હયાત સ્ટાફમાં ઘટાડો થશે. હાલમાં અલગ અલગ કેડરના કુલ–૪૨૪ કર્મચારીઓના સ્ટાફની સામે કુલ્લે–૨૬૬ કર્મચારીઓની જરૂર રહેશે.
- પમ્પીંગ મથકો તેમજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં હાલનો ઓપરેશન અને મેઈન્ટેન્નસ કોસ્ટ રૂા. ૧૭૭૧.૦૦ લાખ છે. SCADA સીસ્ટમના અમલીકરણ કરવાથી વાર્ષિક અંદાજે રૂા. ૫૧૫.૦૦ લાખની બચત થશે, જેનું અંદાજિત બ્રેક અપ નીચે મુજબ છે.

| Sr. No. | Description | Cost Savings in O & M Rs.in Lacs/Annum @ Design Flow |
|---|---|---|
| 01 | Power Saving of 20% on 75% of total STP Power Consumption | 185.00 |
| 02 | Manpower | 215.00 |
| 03 | Saving in cost of Chemicals (Chlorine & Poly-electrolyte) | 35.00 |
| 04 | Additional power generation due to increased bio gas production | 80.00 |
| 05 | TOTAL SAVING PER ANNUM @ DESIGN FLOW | 515.00 |

- ગટર વ્યવસ્થાની સક્ષમ દેખરેખ ધ્વારા સુએઝ વોટર અને બાયો સોલીડ ડીસ્ચાર્જની કવોલીટીમાં સુધારો થશે.
- સુએઝ વોટર ટ્રીટમેન્ટની અસરકારકતા વધતાં વાતાવરણમાં થતું પ્રદુષણમાં ઘટાડો થશે.
- સલામતી તેમજ વર્કીંગ કન્ડીશનમાં ઈમ્પુવમેન્ટ થશે.
- ટ્રીટેડ વોટરનો ખેતીવાડી તેમજ ઈન્ડસ્ટ્રીઝમાં વપરાશ થઈ શકશે.
- વાતાવરણમાં વિપરિત અસર કરતી ગ્રીન હાઉસ ઈફેકટમાં ઘટાડો થશે.

TOP

# મેયર્સ ક્રિકેટ ટૂર્નામેન્ટ



સુરત ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનના લીલાછમ લાલભાઈ કોન્ટ્રાકટર સ્ટેડિયમ ખાતે ત્રણ દિવસથી ચાલી રહેલી મેયર્સ ક્રિકેટ ટુનામેન્ટમાં ગતવર્ષની વિજેતા ટીમ કમિશનર ટીમે શ્રીપ્રદિપ ઝાલાના નેતૃત્વ હેઠળ ચેમ્પીયનશીપ જાળવી રાખી હતી તથા પત્રકાર સંઘની ટીમે રનર્સઅપ ટીમનું સ્થાન જાળવી રાખ્યું હતું.

સુરત શહેર પત્રકાર સંઘ ટીમના કેપ્ટન આરિફ નાલબંધ એ ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી હતી. જેને સાર્થક ઠેરવતાં સંઘના ઓપનરોએ રાજા શેખ (૨૫) તથા વિનોદ જૈન (૧૨)એ ફલાંઈગ સ્ટાર્ટ આપ્યો હતો. મજબુત જણાતી જોડીને એડી.સીટી ઈજનેરશ્રી વી.ડી.પટેલે પોતાની સુંદર સ્વીંગ બોલીંગ વડે પેવેલીયન રવાના કરી હતી. ત્યારબાદ બોલીંગમાં આવેલ મ્યુ.સેક્રેટરીશ્રી હીરાભાઈ પટેલે પોતાની વેધક સ્પીન બોલીંગ વડે છવાયા ગયા હતા. જતીન દેસાઈ તથા ડી.બી.પટેલે ૧–૧ વિકેટ લીધી હતી. છેવટે સારા સ્ટાર્ટ બાદ પત્રકાર સંઘની ટીમ ૧૯.૪ ઓવરોમાં ૧૦૮ રનના સ્કોરે સીમીત થઈ જવા પામી હતી. સંજય વૈરાગીએ–૧૮ તથા રાજુ આમલીવાળાએ ૧૬ રનોનો ફાળો આપ્યો હતો.

જવાબમાં કમિશનર ટીમની બે વિકેટો ઝડપથી પડી ગયા બાદ ધનસુખ પટેલ(૩૯) તથા નવનીત પટેલ વચ્ચે મજબુત ભાગીદારી રચાતાં તેમજ મેચના છેલ્લા તબકકે ઝડપથી વિકેટો પડવા છતાં નવનીત પટેલે સુઝબુઝ ભરી બેટીંગ વડે પોતાની ટીમને વિજય અને ચેમ્પીયનશીપ તરફ દોરી હતી. છેવટે કમિશનર ટીમ ચાર વિકેટે વિજેતા બની હતી.



મેચના અંતે મા.મેયરશ્રીના સ્થાને યોજાયેલા ઈનામ વિતરણ સમારંભમાં ડે.મેયરશ્રી,સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી,શાસક પક્ષના નેતાશ્રી,મ્યુ.કમિશનરશ્રી,સાંસ્કૃતિક સમિતિ ચેરમેનશ્રીના હસ્તે વિજેતા ટીમના કેપ્ટન શ્રી પ્રદિપસિંહ ઝાલા,રનર્સ–અપ ટીમના કેપ્ટનશ્રી આરિફ નાલબંધ તથા નોન પ્લેઈંગ કેપ્ટન અશોક ગોહિલને તેમજ શ્રેષ્ઠ ખેલાડીઓને પારિતોષિક અર્પણ થયા હતા. સમારંભ દરમ્યાન વિવિધ કમિટિના ચેરમેનશ્રીઓ, સદ્દસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, પત્રકારો, તમામ ટીમના ક્રિકેટરો તથા ક્રિકેટ રસીક વ્યકિતઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. અમ્પાયર તરીકે શ્રી એચ.એલ.પટેલ તથા હેમંત કઠીયારીએ સેવા આપી હતી. સુરત ડીસ્ટ્રી.ક્રિકેટ એસોસીએશનના મંત્રી તથા હોદ્દેદારોએ સુંદર મેદાન તથા અન્ય સગવડો પુરી પાડી હતી. કોમેન્ટ્રેટર તરીકે પંકજ પાનવાલાએ સુંદર કામગીરી બજાવી હતી. ઈનામવિતરણ સમારંભનું સંચાલન શ્રી નવનીત પટેલે પોતાની સુંદર શૈલીમાં કર્યુ હતું. ઈનામ વિજેતા ખેલાડીઓ નીચે મુજબ છે.

| વિજેતા | | | |
|---|---|---|---|
| **ચેમ્પીયન ટીમ** | કમિશ્નર ટીમ | **મેન ઓફ ધ મેચ** | હીરાભાઈપટેલ(કમિ.ટીમ) |
| **રનર્સ–અપ ટીમ** | પત્રકાર સંઘ | **શ્રેષ્ઠ બેટસ મેન** | મનોજ લોટવાલા(મેયર્સટીમ) |
| **મેન ઓફ ધ સીરીઝ** | પી.એમ.પટેલ(મેયર્સ ટીમ) | **શ્રેષ્ઠ બોલર** | મુકેશભાઈ દલાલ(મેયર્સટીમ) |
| **શ્રેષ્ઠ ફીલ્ડર** | પરિમલ ચાસીયા (પત્રકાર સંઘ) | | |

TOP

## સ્ટોર દ્વારા ખરીદી તથા ઈજારદારોને ઈસ્યુ કરવાની કાર્યપધ્ધતિ અંગે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના

સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈજારદારને ઈસ્યુ કરવામાં આવેલ સ્ટીલના જથ્થા પૈકી અમુક જથ્થો અનઅધિકૃતરીતે મળી આવતા મહાનગરપાલિકા ધ્વારા સંબંધિત કાર્ટીંગ એજન્ટ સામે પોલીસ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. આ સંદર્ભે સુરત મહાનગરપાલિકાના સ્ટોર્સમાં સ્ટીલના જથ્થાની ચકાસણી કરતા ૫ ટન અંદાજીત રૂા.૨,૦૦,૦૦૦/– ની કિંમતના સ્ટીલના જથ્થાની ઘટ જણાયેલ છે.

આ સંદર્ભે સીધી રીતે સ્ટીલના જથ્થાની સાચવણી માટે જવાબદાર કર્મચારીઓને ફરજ મોકુફી હેઠળ મુકવાના હુકમ કરવામાં આવેલ છે અને આ સમગ્ર બાબતની ચકાસણી કરી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ સ્ટોર દ્વારા સીમેન્ટ સ્ટીલની ખરીદી તેમજ સ્ટોર્સ  દ્વારા સીમેન્ટ સ્ટીલની ખરીદી તેમજ સ્ટોર દ્વારા ખરીદવામાં આવતી અન્ય ચીજવસ્તુઓ તથા ઈજારદારોને ઈસ્યુ કરવાની કાર્યપધ્ધતિ વિગેરે બાબતે તપાસ કરવા માટે ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિની રચના કરી છે. આ તપાસ સમિતિમાં  એડી. સીટી ઈજનેરશ્રી વી. ડી. પટેલ તથા ડે. કમિશનરશ્રી (સ્પે.) શ્રી પી જે. ઝાલાનો સમાવેશ કરવામાં આવેલ છે. જેઓને સ્ટોરની કાર્યપધ્ધતિનો તલસ્પર્શી અભ્યાસ કરી કરવા જોગ સુધારાઓ સાથે દિન–૧૫માં કમિશનરશ્રી સમક્ષ રીપોર્ટ રજુ કરવાના હુકમ કરેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોન મ્યુ.ટેક્ષ રીકવરી ઝુંબેશ

સેન્ટ્રલ ઝોનના એસેસમેન્ટ અને રીકવરી વિભાગએ મ્યુ.ટેક્ષ રીકવરીની ઝુંબેશના ભાગરૂપે સખ્તાઈનાં પગલા ભરવાની કાર્યવાહી ચાલુ જ રાખેલ છે.

સેન્ટ્રલ ઝોનમાં આવેલ મિલ્કતો પૈકી વોર્ડ નં.૧–બી, ૩૦૩, શાલીભદ્ર એપાર્ટમેન્ટ કબ્જેદાર સરોજબેન ડી.વર્માનો મ્યુ.ટેક્ષ રૂા. ૨૦,૧૧૬/–, વોર્ડ નં.૧/૧૪૫૪ પૈકી દુકાન–એ, વિનોદભાઈ, સંજયભાઈ ડાહયાભાઈ પટેલનો મ્યુ.ટેક્ષ ૧૯,૪૬૪/–, વોર્ડ નં.૧–બી, ૪૭૩, યોગી કોમ્પલેક્ષ દુકાન નં.૧૦૧, અપર લેવલ, ૧૦૧ પ્રથમ માળના કબ્જેદારો શ્રી કાલીદાસ ડાહયાભાઈ વિગેરે, અને જાગૃતિબેન નિલેષભાઈ શુકલ, નાં મ્યુ. ટેક્ષના રૂા.૫૧,૯૩૧/–

વોર્ડ નં.૩–સી ટ્રેડ હાઉસ, દુકાન નં.૩૦૫૫, ૪૦૦૭, ૪૦૦૮, ૪૦૫૭, ૫૦૩૬, ૫૦૩૯, ૬૦૭૫ વાળી મિલ્કતનો મ્યુ.ટેક્ષ રૂા.૧,૭૩,૧૪૭/–,તુલસી માર્કેટ મ્યુ.ટેક્ષ રૂા.૨૪,૩૦૦/–,મેટ્રો માર્કેટ, દુકાન નં.૧૭, ૪૦, ૪૦૩, ૫૦૩નો મ્યુ.ટેક્ષ રૂા.૬૯,૬૦૪/–,ક્રિષ્ણા માર્કેટ દુકાન નં.૨૦૪, નો મ્યુ.ટેક્ષ રૂા.૧૮,૭૯૩/–વોર્ડ નં.૩–સી, ગોલ્ડન પ્લાઝા માર્કેટ ઓફિસ નં.૭૨૪અને ૧૦૩૭નો મ્યુ.ટેક્ષ રૂા.૩૪,૮૯૭/–,અંબાજી માર્કેટ ૧૦૬૯, ૧૦૭૦, ૧૦૭૫, ૧૦૭૬, ૩૦૧૭, ૩૦૧૮, ૩૦૫૬, ૪૦૦૮, ૪૦૦૯, ૪૦૩૦, ૪૦૬૧, ૪૦૬૨, ૪૦૭૧, ૪૦૭૨, ૫૦૦૫, ૫૦૦૬ નો મ્યુ.ટેક્ષ રૂા.૧,૫૩,૫૮૮/–, વોર્ડનં.૩–સી,અન્નપુર્ણા ટેક્ષ ટાઈલ્સ માર્કેટની દુકાન નં.૨૧૧, ૨૧૨, ૨૧૯, ૨૨૦, ૨૨૭, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૬૦, ૨૬૭, ૨૬૮

૨૭૩, ૨૭૬, ૨૯૨, ૫૫૪, ૫૫૫, ૫૫૯, ૫૯૬, ૫૯૭, ૬૦૦, ૬૦૧, ૧૦૦૧, ૧૦૦૨, ૧૦૦૭, ૧૦૦૮, ૧૦૨૧, ૧૦૨૨, ૧૦૨૫, ૧૦૨૬, ૧૦૫૦, ૧૦૫૧, ૧૦૫૨, ૧૦૫૩ નો મ્યુ. ટેક્ષ રૂા.૩,૨૭,૬૫૦/–, વોર્ડ નં.૩–બી નોંધ નં.૨૧૫૭,એ,બી.સી,

૨૧૫૮/એ/૨, પર આવેલ કોહીનુર ટેક્ષટાઈલ્સ માર્કેટની દુકાન નં.૬૪, ૭૮થી૮૦, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૭૭ થી ૧૮૧, ૩૬૦ થી ૩૭૧, ૫૯૦, ૫૯૧, ૬૧૦, ૬૧૧, ૬૮૮, ૬૯૧, ૮૨૨, ૮૨૬, ૮૩૧, ૮૫૮, ૮૫૯, ૧૦૪૮, ૨૨૨૯, ૨૨૩૦ નો બાકી મ્યુ.ટેક્ષ રૂા.૩,૨૧,૪૧૧/–.

વોર્ડ નં.૪, શીવ માર્કેટ દુકાન નં.૧૦૪નો મ્યુ.ટેક્ષ રૂા.૨૪,૦૦૦/–,શ્યામ માર્કેટ, દુકાન નં.૨૨ થી ૨૪, દુકાન નં.૨૦૩૪, ૨૦૩૫, ૩૦૦૭, નો મ્યુ.ટેક્ષ રૂા.૮૭,૧૧૦/–, વોર્ડ નં.૪, રાધા કૃષ્ણ માર્કેટ દુકાન નં.૧૦૭૫, ૪૨૪૨ થી ૪૨૪૭ દુકાન નં.૪૨૫૨ થી ૪૨૯૭ નો મ્યુ.ટેક્ષ રૂા.૯૯,૯૦૫/–.

વોર્ડ નં.૭–ડી, ઉમા કોર્પોરેશન ઓફિસ નં.જે–૪૭૯, જે–૫૩૦, ઓફિસ નં.૭૨૫ નો મ્યુ. ટેક્ષ રૂા.૩૨,૦૦૦/–

ઉપરોકત તમામ મિલ્કતોનો ટેક્ષ બાકી હોય દરેકને સીલ મારવામાં આવેલ આમ સ્થળ પર ચોર્યાસી મિલ્કતોને સીલ મારેલ હોય સાડત્રીસ મિલ્કતોના મ્યુ.ટેક્ષ સ્થળ પર ભરવામાં આવેલ છે. આમ કુલ રૂા.૧૫,૧૩,૬૬૯/–ટેક્ષ બાકી હોય મિલ્કતદારોએ રૂા.૫,૯૪,૧૭૬/–સ્થળ પર જમા કરાવેલ છે.

સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં આવેલ કરદાતાઓ સમયસર મ્યુ.ટેક્ષ ભરશે નહીં તો મિલ્કતોનાં નળ કનેકશન કાપી નાંખી ડ્રેનેજ કનેકશન બંધ કરી તેમજ મિલ્કતને જાહેર હરાજી કરવા સુધીના સખ્તાઈના પગલા ભરવાની કામગીરી ચાલુ જ છે. સદર પગલા થી બચવા માટે જાહેર જનતાને મિલ્કતોના બાકી ટેક્ષ વેળાસર ભરી જવા જણાવવામાં આવે છે.

TOP

# રાંદેર ઝોનની કામગીરી




સુરત મહાનગપાલિકાના પશ્રિમ ઝોન રાંદેર વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.ર૯(રાંદેર)માં પાલનપુર જુના જકાતનાકા પાસે હિદાયતનગર સોસાયટીની પાછળ શાળાના હેતુ માટેનો અનામત પ્લોટ નં.આર/૬ છે. જે અનામત પ્લોટનું ક્ષેત્રફળ ર૩૫૦ ચો.મી. છે. આ અનામત પ્લોટમાં ભરવાડોના ઢોરોના તબેલાઓનું તથ રહેઠાણની ખોલીઓનું દબાણ હતું. એક માસ અગાઉ પશ્રિમ ઝોન કચેરી ધ્વારા આ દબાણો દુર કરવાનું શરૂ કરવામાં આવતા સ્થાનિક ભરવાડો ધ્વારા જેનો વિરોધ નોંધાવેલ અને આ સ્થળ ઉપરથી તબેલાઓ તથા ખોલીઓ ખસેડવા માટે દિન–૧૫ નો સમય માંગેલ. આ સમયમર્યાદા પુરા થવા છતાં આ અનામત પ્લોટમાંથી ભરવાડો ધ્વારા તબેલાઓ ખસેડવા કે ખોલીઓ દુર કરવા જરાયે દરકાર રાખેલ નહીં. આથી આજરોજ પશ્રિમ ઝોન (રાંદેર) ની કચેરી ધ્વારા જરૂરી સીકયુરીટી સ્ટાફ સાથે અને સાધનસામગ્રી તથા જે.સી.બી. મશીન સાથે સ્થળ ઉપર જઈ અનામત પ્લોટમાંના તબેલાઓ તથા ખોલીઓ દુર કરવાનું શરૂ કરેલ છે. અને જે કામગીરીમાં કુલ્લે –૦૮ તબેલાઓ તથા અન્ય ખોલીઓ દુર કરવામાં આવેલ છે. ૦ર ખોલીના વસવાટી બહારગામ હોય, આ વસવાટીઓને માત્ર ૦૩ દિવસની મુદ્દત આપેલ છે.




આ ઝોનમાં કૃષ્ણનગર ૬૦ ફુટના ખૂબ જ અગત્યના મુખ્ય માર્ગ ઉપર આવેલા મુકતાનંદ સોસાયટી અને કૃષ્ણનગર સોસા.ઓ માં પણ ગેરકાયદેસર તથા હેતુ ફેર વાડા, કોમર્શીયલ વપરાશે (દુકાનો) સીલ કરવામાં આવેલ છે. જેમાં મુકતાનંદ નગર સોસા.માં દુકાન નં.જી/૧/૧ માં ભોંયતળિયે " કાર વર્લ્ડ " નામની કારની એસેસરીઝ લગાડવાની દુકાનમાં દુકાનદાર ધ્વારા ઈમ્પેકટ હેઠળ મંજુરી લીધા બાદ વધુ ગેરકાયદેસર બાંધકામ કરતાં અને સરેઆમ રોડ ઉપર ટ્રાફિકમાં દબાણ કરતાં આ દુકાનને સીલ મારવામાં આવેલ છે. તથા આજ મુખ્ય માર્ગ ઉપર ચોકસી વાડીની સામે કૃષ્ણનગર સોસા.માં સબ પ્લોટ નં.ર૮/ડી માં ભોંયતળિયે રેસીડેન્સ માંથી 'કાયનેટીક ઓટો' ની દુકાનોની કોમર્શીયલ હેતુ ફેર કરતાં માલીક શ્રી જગદીશભાઈ મેવાવાલા તથા કબ્જેદાર પીબી ઓટો એજન્સીસ ના માલીક ગુરૂવિન્દરસીંગ બક્ષીને નોટીસ પાઠવી, આ દુકાનો પણ સીલ મારવામાં આવેલ છે.

સબબ, આ કામગીરી ઝોનલ ચીફશ્રીની સુચના અને કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સીકયુરીટી સ્ટાફ તથા પશ્રિમ ઝોન (રાંદેર) ના શહેરવિકાસ/દબાણ સ્ટાફ ધ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP